રૂ. ૧૫.૦૦ નંબર :

સેવકના ઊંઘના આઠ કલાક સિવાય બાકીના સોળ કલાક કામમાં જ જતા હશે. ખાદીના મંત્રનું મેં રટણ કર્યું છે. રેંટિયા પર શ્રદ્ધા જેને ન હોય તેણે વિદ્યાપીઠનો ત્યાગ જ કરવો જોઈએ. પ્રાર્થનાના મંત્ર અને તમારી પ્રતિજ્ઞા ન ભૂલો. વિદ્યાપીઠના સિદ્ધાંતોનો અમલ કરવામાં જરાયે કચાશ ન રાખશો.
**– મહાત્મા ગાંધી**

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-૩૮૦ ૦૧૪

જગ્યાનું નામ : ________________ વિષય માટે સેવક તરીકે જોડાવા માટેનું અરજીપત્રક
(કોઈ પણ વિગત નહીં ભરનાર કે અધૂરી ભરનારનું અરજીપત્રક ગણતરીમાં ન લેવાની સંભાવના છે.)

(૧) પૂરું નામ (અટકથી શરૂ) ________________

(૨) જન્મ તારીખ ________ ઉંમર : વર્ષ ________ માસ ________

(૩) જાતિ : અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/અન્ય પછાત વર્ગ (પ્રમાણપત્ર જોડવું) લાગુ ન પડતું હોય તે ચેકવું

(૪) અરજદાર શારીરિક ખોડખાંપણ ધરાવતા હોય તો તેની વિગત ________________
(અપંગતા અંગે સિવિલ સર્જનનું પ્રમાણપત્ર જોડવું)

(૫) પત્રવ્યવહારનું હાલનું સરનામું ________________
________________
________________
________________ પિન ________
ફોન નં. ________

(૬) મૂળ વતન/કાયમનું સરનામું ________________
________________
________________
________________ પિન ________

(૭) પરિણીત કે અપરિણીત ________________

(૮) માતૃભાષા કઈં છે ? જો અન્ય ભાષાઓ જાણતા હો તો લખવી : (૧) ________ (૨) ________ (૩) ________

(૯) શૈક્ષણિક લાયકાત અને યોગ્યતા :

| ક્રમ | પરીક્ષા | પદવી કે પ્રમાણપત્રનું નામ | પદવી કે પ્રમાણપત્ર એનાયત કરનાર યુનિવર્સિટી કે સંસ્થા | કુલ ગુણના અધિકૃત ટકા | | પ્રથમ પ્રયાસે કે દ્વિતીય પ્રયાસે | ઉત્તીર્ણ કર્યાનું વર્ષ | વિષયો મુખ્ય અને ગૌણ | ઇનામ વગેરે |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | વર્ગ | ટકા | | | | |
| ૧. | એસ.એસ.સી. કક્ષા | | | | | | | | |
| ૨. | સ્નાતક કક્ષા | | | | | | | | |
| ૩. | અનુસ્નાતક કક્ષા | | | | | | | | |
| ૪. | અનુપારંગત | | | | | | | | |
| ૫. | વિદ્યાવાચસ્પતિ | | | | | | | | |
| ૬. | | | | | | | | | |
| ૭. | અન્ય પરીક્ષા | | | | | | | | |
| ૮. | | | | | | | | | |

તમામ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ આ સાથે રજૂ કરવી. સરકારી/અર્ધસરકારી સંસ્થામાં સેવા આપતા અરજદારે અધિકૃત ઉપરી અધિકારી મારફતે અરજી મોકલવાની રહેશે.

(૧૦) સળંગ અનુભવ જે સંસ્થામાં કામ કર્યું હોય કે કરતા હોવ તેની વિગત. કઈ તારીખથી કઈ તારીખ સુધી.

| ૧<br>ક્રમ | ૨<br>હોદ્દો | ૩<br>કાર્ય તથા કુલ<br>પગાર (ગ્રેડ લખવો) | ૪<br>સંસ્થાનું નામ અને<br>સરનામું | ૫<br>સેવાની મુદત<br>તારીખથી તારીખ | ૬<br>કુલ વર્ષ | ૭<br>છૂટા થયાનું કારણ |
|---|---|---|---|---|---|---|
| ૧. | | | | | | |
| ૨. | | | | | | |
| ૩. | | | | | | |
| ૪. | | | | | | |
| ૫. | | | | | | |

જે જગા માટે અરજી કરી છે તેને આનુષાંગિક કુલ અનુભવ : ______________________

(૧૧) વહીવટી કામમાં જોડાવા અરજી કરી હોય તો ટાઈપિંગ (ગુજરાતી-અંગ્રેજી-હિંદી) આવડતું હોય તો ઝડપ, અનુભવ વગેરેની વિગત જણાવવી.

| ભાષા | ઝડપ (એક મિનિટમાં) | અનુભવ (વર્ષ) |
|---|---|---|
| ગુજરાતી : | | |
| હિંદી : | | |
| અંગ્રેજી : | | |

(૧૨) કમ્પ્યુટર અંગેની જાણકારી :

(૧૩) શોખના વિષયો અને તે અંગેનો અનુભવ :

(૧૪) સંશોધન પ્રકાશન કાર્ય :

૧. પ્રસિદ્ધ થઈ ચૂકેલું (પ્રકાશનો કે લેખોની નકલો જોડવી)

૨. અપ્રસિદ્ધ હસ્તપ્રતો

૩. હાલ ચાલુ કામ

(૧૫) બે વ્યક્તિઓ જેમને ખાનગી અભિપ્રાય પુછાવી શકાય તેમનાં પૂરાં નામ અને સરનામાં :

૧. નામ :

સરનામું :

૨. નામ :

સરનામું :

(૧૬) આપની સાથે સીધું સગપણ ધરાવતા આપના સગા વિદ્યાપીઠમાં સેવા આપતા હોય તો તેની વિગત.

(૧૫) વિદ્યાપીઠમાં જોડાવા પાછળનો તમારો ઉદ્દેશ દસ લીટીમાં લખો :

(૧૬) અહીં તમે જે કામમાં જોડાવા માંગો છો તે અંગેનો તમારો ખ્યાલ જણાવો અને વિદ્યાપીઠનાં અન્ય કયાં કામોમાં ઉપયોગી થશો તે જણાવો.

## ગૂજરાત વિદ્યાપીઠનાં ધ્યેયો

ગૂજરાત વિદ્યાપીઠમાં સેવક તરીકે પસંદ કરવામાં આવશે તો હું વિદ્યાપીઠના સેવકો માટેના બધા નિયમો તેમ જ હવે પછી તેમાં જે કાંઈ સુધારા-વધારા થાય કે નવા નિયમો થાય તે સઘળાનો શિસ્તબદ્ધ રીતે નિષ્ઠાપૂર્વક અમલ કરીશ. હું ફરજ ઉપરના તમામ પ્રસંગોએ વિદ્યાપીઠે નિયત કરેલો ખાદીનો ગણવેશ પહેરીશ તથા નિયત પ્રાર્થના અને સમૂહકાંતણમાં નિયમિત હાજરી આપીશ. વિદ્યાપીઠના ગૌરવ અને પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેવું કશું હું કરીશ નહીં તેની બાંયધરી આપું છું. અંગત જીવનમાં કે જાહેર જીવનમાં નિરંતર પ્રમાણિત ખાદીનો પોશાક જ પહેરીશ. સંસ્થાના સેવક તરીકે જોડાયા પછી ખાદી સિવાયનાં વસ્ત્રો સંસ્થામાં કે અંગત જીવનમાં પહેરીશ નહીં. વિદ્યાપીઠનાં ધ્યેયો મને સમજપૂર્વક સ્વીકાર્ય હોવાથી નિશાનીરૂપે મેં નીચે દર્શાવેલાં ધ્યેયો વાંચીને સહી કરી છે. આ સાથે મારો સ્વપરિચય જોડેલો છે. આ અરજીપત્રકમાં જણાવેલી સઘળી વિગતો સત્ય હકીકત છે એમ હું આથી જાહેર કરું છું.

૧. વિદ્યાપીઠનું મુખ્ય કામ **મહાત્મા ગાંધીજીએ આપેલા આદર્શો** પ્રમાણે દેશનું નવઘડતર કરવાને સારુ ચાલતી પ્રવૃત્તિઓને અર્થે કેળવણી દ્વારા **ચારિત્ર્યવાન, શક્તિસંપન્ન, સંસ્કારી અને કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓ** તૈયાર કરવાનું છે.

૨. વિદ્યાપીઠના શિક્ષકો અને સંચાલકો, **અહિંસા અને સત્યને અવિરોધી એવાં જ સાધનો સ્વીકારનારા** અને તેને અમલમાં મૂકવા પ્રયત્નશીલ હશે.

૩. વિદ્યાપીઠના તથા તેણે માન્ય કરેલી સંસ્થાઓના શિક્ષકો અને સંચાલકો **અસ્પૃશ્યતાને કલંકરૂપ માનનારા** અને તેનું નિવારણ કરવા પ્રયત્નશીલ હશે અને કોઈ પણ બાળક કે બાળા અસ્પૃશ્ય હોવાને કારણે બહાર રાખવામાં કે તેને દાખલ કર્યા પછી તેની તરફ નોખી વર્તણૂક રાખવામાં નહીં આવે.

૪. વિદ્યાપીઠને અંગે કામ કરનારો શિક્ષકવર્ગ, સંચાલકો તથા માન્ય કરેલી સંસ્થાઓ વગેરે **રેંટિયાની પ્રવૃત્તિમાં માનનારા અને અનિવાર્ય કારણ સિવાય નિયમિત રીતે કાંતનારા અને નિરંતર ખાદી પહેરનારા હશે.**

૫. વિદ્યાપીઠની નીચે ચાલતી સંસ્થાઓમાં **બધા પ્રચલિત ધર્મોને વિશે સંપૂર્ણ આદર હશે** અને વિદ્યાર્થીઓના **આત્મવિકાસ અર્થે ધર્મોનું જ્ઞાન અહિંસા અને સત્યને દષ્ટિમાં રાખીને** આપવામાં આવશે.

૬. વિદ્યાપીઠમાં સ્વભાષાને પ્રધાનપદ આપવામાં આવશે અને **બધું શિક્ષણ સ્વભાષા દ્વારા આપવામાં આવશે.**

**સમજૂતી :** બીજી ભાષાઓ શીખવતાં તે જ ભાષા વાપરવામાં બાધ નહીં ગણાય.

૭. વિદ્યાપીઠમાં રાષ્ટ્રભાષા **હિંદી-હિંદુસ્તાનીને આવશ્યક સ્થાન હશે.**

**નોંધ :** હિંદી-હિંદુસ્તાની એ ભાષા છે કે જે ઉત્તર ભારતના સામાન્ય હિંદી-મુસલમાન બોલે છે અને **દેવનાગરી અથવા ફારસી લિપિમાં લખે છે.**

૮. વિદ્યાપીઠમાં **ઔદ્યોગિક શિક્ષણને બૌદ્ધિક શિક્ષણના જેટલું જ મહત્ત્વ** આપવામાં આવશે, બીજાને નહીં અને રાષ્ટ્રના પોષક જે જે ઉદ્યોગો છે તેમને સ્થાન આપવામાં આવશે, બીજાને નહીં.

૯. ભારતવર્ષનો ઉત્કર્ષ શહેરો ઉપર નહીં, પણ ગામડાં ઉપર અવલંબે છે. તેથી વિદ્યાપીઠના મોટા ભાગના દ્રવ્યનો તથા શિક્ષકોનો મુખ્ય ઉપયોગ **ગામડાંમાં રાષ્ટ્રપોષક કેળવણીનો પ્રચાર** કરવામાં થશે.

૧૦. કેળવણીનો ક્રમ ઘડવામાં **ગ્રામવાસીઓની હાજતોને પ્રધાનપદ** આપવામાં આવશે.

૧૧. પ્રજાના શારીરિક વિકાસને અર્થે **વ્યાયામ અને અંગમહેનતની તાલીમ** વિદ્યાપીઠમાં આવશ્યક ગણાશે.

ગૂજરાત વિદ્યાપીઠનાં ઉપરનાં ધ્યેયો તથા તેની પરંપરાઓ, પ્રણાલીઓ, જીવનવ્યવસ્થા વગેરે મને મંજૂર અને બંધનકર્તા છે એમ હું આથી જાહેર કરું છું.

(૧૭) **વિશેષ નોંધ :**

ઉપર જણાવેલી સઘળી વિગતો સત્ય હકીકત છે એમ હું આથી જાહેર કરું છું. ગૂજરાત વિદ્યાપીઠનાં ધ્યેયો વાંચ્યાં છે અને તે મને સ્વીકાર્ય છે. જો મને વિદ્યાપીઠમાં સેવક તરીકે પસંદ કરવામાં આવશે તો હું વિદ્યાપીઠના નિયમો તેમ જ હવે પછી તેમાં જે કોઈ સુધારા-વધારા થાય કે નવા નિયમો થાય તે સઘળાનો શિસ્તપૂર્વક અમલ કરીશ અને વિદ્યાપીઠમાં કામ કરીશ ત્યાં સુધી પ્રમાણિત ખાદીનો પોશાક જ પહેરીશ.

તારીખ : અરજી કરનારની સહી

---

**(કાર્યાલયે ભરવાની વિગત)**

જે વિભાગમાં જોડાવા માટે અરજી કરી હોય તે વિભાગના મુખ્ય અધિકારીનો અભિપ્રાય

પગારનો ગ્રેડ :

જગ્યા :

જોડાવાની તારીખ :

હંગામી/કાયમી :

તારીખ - -૨૦૦ **કુલનાયક** **કુલસચિવ** **વિભાગીય અધિકારી**

---

VJOB367/૫૦૦૦/૬-૨૦૦૫